# સમવસરણ

- સમવસરણ એટલે જેમાં બિરાજી ભગવાન દેશના આપે છે અને તે દેવો બનાવે છે.
- સમવસરણ ગોળ અથવા ચોરસ હોય છે.
- સમવસરણની જગ્યાએ દેવો જમીન ઉપર સુગંધી જળ છાંટે છે. યંત્ર દેવો પુષ્પવૃષ્ટિ કરે છે.
- દરેક દિશામાં ત્રણ મળી બાર પર્ષદા હોય છે.
- પૂર્વ દિશામાં અગ્નિ ખુણામાં સાધુ સાધ્વી વૈમાનિક દેવી બિરાજે છે.
- ઉત્તર દિશામાં ઈશાન ખુણામાં વૈમાનિક દેવ, પુરૂષ, સ્ત્રીઓ બિરાજે છે.
- પશ્ચિમ દિશામાં વાયવ્ય ખૂણામાં ભવનપતિ જ્યોતિષ, વ્યંતર, દેવીઓ બિરાજે છે.
- દક્ષિણ દિશામાં નૈઋત્ય ખૂણામાં ભવનપતિ, જ્યોતિષ, વ્યંતર, દેવ બિરાજે છે.
- વાયુ કુમારના દેવો સમવસરણની જમીન સાફ કરી શુદ્ધ કરે છે.
- ભવનપતિ દેવો સમવસરણનો પ્રથમ ગઢ ૧૦૦૦૦ પગથિયા વાળો ચાંદીનો બનાવે છે.
- જ્યોતિષ દેવો બીજો ગઢ ૫૦૦૦ પગથિયાવાળો સોનાનો બનાવે છે.
- વૈમાનિક દેવો ત્રીજો ગઢ ૫૦૦૦ પગથિયાવાળો રત્નમય બનાવે છે.
- સમવસરણમાં ચારે દિશામાં ત્રણ ત્રણ એમ કુલ ૧૨ દરવાજા હોય છે દરેક દરવાજે મરકત મણીના તોરણ અને કુંભ હોય છે. સુવર્ણના કળશ દરેક દરવાજે હોય છે.
- ચારે દિશામાં એક યોજન ઉંચો ધ્વજ હોય છે.
- પૂર્વમાં ધર્મ ધ્વજ, પશ્ચિમમાં ગજ ધ્વજ, ઉત્તરમાં સિંહ ધ્વજ અને દક્ષિણમાં માનવ ધ્વજ હોય છે.
- આકાશમાં દેવ દુંદુભિનો નાદ થાય છે.
- ત્રીજા ગઢની મધ્યમાં પ્રભુની ઉંચાઈથી બાર ગણો અશોકવૃક્ષ રચવામાં આવે છે અને રત્નમય સિંહાસન રચવામાં આવે છે.
- ચારે દિશામાં બે બે ચામર ધારી હોય છે.
- ભગવાનની ઉપર ત્રણ ત્રણ છત્ર રાખવામાં આવે છે.
- પ્રભુ પૂર્વ દિશામાં બેસે છે. પરંતુ બાકીની દરેક દિશામાં પ્રભુના પ્રતિબિંબ વ્યંતર દેવો સ્થાપે છે.
- પ્રભુના તેજને સહન કરવા પાછળ ભામંડળ હોય છે.
- પ્રભુ દેશના માલકોષ રાગમાં અર્થથી આપે છે.
- પહેલા ગઢમાં વાહનો હોય છે. બીજા ગઢમાં તિર્યંચો બેસે છે. ત્રીજા ગઢમાં બાર પર્ષદા હોય છે.
- નવકાર મંત્રના જાપ વખતે આંખ સામે સમવસરણની ધારણા ધારવી. મધ્યમાં ચતુર્મુખ અરિહંત છે. મસ્તક ઉપર સિદ્ધશિલાના મથાળે સિદ્ધ ભગવાન છે. જમણી બાજુ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એક બીજા પાછળ હોય છે.

jainuniversity.org